નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી
જિ.વાવ-થરાદના નાયબ નિયામક (વર્ગ-૧) ને ઉપાડ
અને વહેચણી અધિકારી જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક:- SJED/Budget/e-file/17/2025/2280/J

સચિવાલય, ગાંધીનગર

તા.As per e-sign

<u>વંચાણે લીધા:-</u>

(૧) નાણા વિભાગનો તા.૨૧/૦૭/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: તજર/૧૦૦૫/૨૪૧/ઝ.

(૨) ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦.

(૩) મહેસુલ વિભાગના તા.૨૫/૧૧/૨૦૨૪ ના જાહેરનામા ક્ર.GHM/2025/210/M/RD/RCO/e file/15/2025/5360/L.1.

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૧૨/૨૦૨૫નો ઠરાવ ક્ર.SJED/NIR/e-file/17/2025/2711/J.

(૫) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના તા.૨૮/૧૦/૨૦૨૫ ના પત્ર ક્ર.અજાક/મકમ/૧/૯૩૩/૨૦૨૫-૨૬/ક.

<u>પ્રસ્તાવના:</u>

મહેસુલ વિભાગના વંચાણે લીધેલ ક્રમ. (૩) પરના જાહેરનામાંથી બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરી નવીન વાવ-થરાદ જિલ્લાની રચના કરવામાં આવેલ છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ. - (૪) પરના ઠરાવથી નવરચિત વાવ-થરાદ જિલ્લાની નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી માટે વિવિધ સંવર્ગની નવી જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે. નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના વંચાણે લીધા ક્રમ. (૫) ના પત્રથી નાયબ નિયામકશ્રી, (વર્ગ-૧), વાવ - થરાદને નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના ઉપાડ અને વહેચણી અધિકારી જાહેર કરવા અંગેની દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

આથી કાળજીપૂર્વકની વિચારણાને અંતે, નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમ. (૧) માં નિર્દિષ્ઠ ઠરાવ અને ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦ ના નિયમ-૭૬ અન્વયે નાયબ નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી વાવ-થરાદના જરૂરી નાણાકીય વ્યવહારો અને ગ્રાંટના ઉપાડ અને વહેંચણીના હેતુ માટે નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના નાયબ નિયામક (વર્ગ-૧) ને “ઉપાડ અને વહેંચણી અધિકારી” તરીકે જાહેર કરવામાં આવે છે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ નોંધ પર મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૌશલ લાંઘણોદા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.

- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.

- અગ્રસચિવશ્રી (નાણા), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ.

-સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

-સિલેક્ટ ફાઇલ - ૨૦૨૬

Signature Not Verified
Signed by:Kaushal C Langhnoda
Section Officer
Date:2026.04.01
11:02:56 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign